॥ હરિ:ૐ ॥

સ્વસાધના-કાળમાં
પૂજ્ય શ્રીમોટા રચિત પ્રાર્થના

# તુજ ચરણે

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત



॥ હરિઃૐ ॥

# 'તુજ ચરણે'ના ઉદ્‌ભવ અંગે

પ્રશ્ન : મોટા, 'તુજ ચરણે' હિમાલયનો પ્રવાસ કરતાં પહેલાં લખાયેલું ?

ઉત્તર : હા, પણ તેની પાછળ એક વાત છે. જ્યારે મારી ઉંમર ૨૪-૨૫ વર્ષની હશે ત્યારે નડિયાદમાં મેથડિસ્ટ્ ચર્ચના એક પાદરી-અમેરિકન ત્યાં હતા. તેમણે આપણા ધર્મ અને દેવદેવીઓ સંબંધે વાત કરી અને કહ્યું, 'તમારામાં ઘણાં બધાં શાસ્ત્રો, ઘણાં દેવદેવીઓ અને ગૂંચવાડો થાય એવું શાસ્ત્રપુરાણ વગેરે છે. જ્યારે અમારે ત્યાં એક જ ધર્મ અને એક જ ઈશ્વર !'

ત્યારે મેં કહ્યું, 'ના, એવું નથી. જુદી જુદી રુચિના જુદા જુદા માણસોને માફક આવી જાય તે રીતે ધર્મની વાતો અને આચારો નક્કી કરવામાં આવ્યાં છે.

અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર

॥ હરિઃૐ ॥

# તુજ ચરણે

સ્વસાધના-કાળમાં
પૂજ્ય શ્રીમોટા રચિત
પ્રાર્થના

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ **પ્રકાશક : ટ્રસ્ટીમંડળ,** હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા, સુરત-૩૯૫ ૦૦૫. ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.
❑ **૧૫મી આવૃત્તિનું પુનર્મુદ્રણ :**
તા. ૭-૭-૨૦૦૯, ગુરુપૂર્ણિમા

❑ **પ્રત :** ૫,૦૦૦, કુલ પ્રત : ૩૮,૧૦૦

❑ **પૃષ્ઠ :** ૪૮

❑ **કિંમત : બે રૂપિયા**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧.

❑ **મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની**
ફોન નં. (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **ડિઝાઈનર : મયૂર જાની** મો.૯૪૨૮૪૦૪૪૪૩

❑ **મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી.યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
ફોન : (૦૭૯)૨૭૫૪૩૬૯૯

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

## (પંદરમી આવૃત્તિ)

પિયરપોટલીના શુભ સંસ્કારોથી સજ્જ અમારાં
સદ્‌ગત જીવનસાથી, સંસારના ત્રિવિધ તાપ તપી,
જીવનપર્યંત પરિવારને અને સ્નેહીસંબંધીઓને
શીતળ છાંયડી આપતાં રહેલાં. પૂર્વકર્મના પુણ્યોદયે
અમોને શ્રીસદ્‌ગુરુનો ભેટો થયા બાદ,
અમારી દીર્ઘકાળ સુધીની કૌટુંબિક
**'તુજ ચરણે'**ની
પ્રાર્થનામાં રુચિ રાખી અમોને
જીવનવિકાસમાં સહકાર આપનાર,
**સ્વ. જશોદાબહેન પ્રભુદાસ જાની**
અને
**સ્વ. ઊર્મિલાબહેન જયંતીભાઈ જાની**ની
પુણ્યસ્મૃતિમાં શ્રીસદ્‌ગુરુ ચરણે
આ પ્રકાશન સમર્પિત કરીએ છીએ.

ગુરુપૂર્ણિમા, ૨૦૦૩ **પ્રભુદાસ ડાહ્યાભાઈ જાની**
પુન:મુદ્રણ, ૭-૭-૨૦૦૯ **જયંતીભાઈ ડાહ્યાભાઈ જાની**
ગુરુપૂર્ણિમા

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પંદરમી આવૃત્તિનું પુનઃમુદ્રણ)

પૂજ્ય શ્રીમોટા રચિત **‘તુજ ચરણે’**ની પંદરમી આવૃત્તિનું પ્રકાશન સને ૨૦૦૩ની ગુરુપૂર્ણિમાએ કરાયેલું. તે પ્રકાશનમાં જેઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો, તેઓના જ એટલે કે અમદાવાદ નિવાસી **શ્રી પ્રભુદાસ જાની** અને **શ્રી જયંતીભાઈ જાની**ના સહયોગથી આ પુનઃમુદ્રણનું સત્કાર્ય થઈ રહ્યું છે, તે બદલ તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી સ્વજનોનાં કરકમળમાં **‘તુજ ચરણે’** મૂકતાં અમો હર્ષ અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા
તા. ૭-૭-૨૦૦૯

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

# પ્રસ્તાવના

(છઠ્ઠી આવૃત્તિ)

## તુલસીમાળા

સ્થૂળ વૃંદાવન યમુનાતટે છે. વૃંદા એટલે તુલસી. તુલસી ભક્તિની સંજ્ઞા છે. ભક્તનું વૃંદાવન એનું પોતાનું હૃદય. એ હૈયામાં એના કૃષ્ણનો વાસ છે. આ કનૈયાનું અનુસંધાન સાધવા તુલસીમાળા દ્વારા ભક્ત સ્મરણનો સેતુ રચે છે.

'તુજ ચરણે' પૂજ્ય મોટાની તુલસીમાળા છે. પહેલા છ શ્લોક અર્પણના છે. છેલ્લા ત્રણ કૃતાર્થતાના છે. વચ્ચેના એકસો આઠ શ્લોક ''કેવો હઈશ પ્રભુ, તું ! નવ કોઈ કે'તું.'' એવા પરમ આશ્ચર્ય પ્રભુની સ્તુતિના છે. આ સ્તવનો દ્વારા ભક્તે પોતાની અંતરકથા કહી છે.

એકસો આઠ શ્લોકોમાં નીતરતી આ હૃદય ઝંખનામાં આપણી આખી સંસ્કૃતિનું નવનીત તારવ્યું છે. આદિ કાળથી માંડીને આજ સુધીના ઋષિમુનિઓ

અને સંતભક્તોએ ભગવાનની સ્વરૂપ લીલાનાં જે અનેક નિરૂપણો અને નિવેદનો કર્યાં છે તેમાં એક વાત એકસરખી છે. તે છે પ્રભુમિલનની અને એ મિલનમાં આરત-આર્જવની. જેમને જેમને આ જીવનદેવતાના પરમ સ્વરૂપનો સાક્ષાત્કાર થયો છે તેમણે જુદું જુદું રૂપનિર્માણ કર્યું છે :

*'જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,*
*તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,*
*ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,*
*એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.'*

સ્વરૂપ- નિરૂપણના આવા વિવિધ વિહારમાંથી મૂળ સારતત્ત્વ ખેંચી, એને પોતાના અનુભવરસાયણ વડે રસીને આ શ્લોકોની આરતીમાં વહાવ્યું છે. એટલે આ એકસો આઠ શ્લોકના સમાગમ પછી આખી માળા કર્યાનો આનંદ આવે છે.

મોટાના પ્રભુ 'રસેન્દુ'છે, રસમાં રસરૂપ છે, 'રસનો આત્મા છે.' એ પ્રભુ જરાય દૂર વસતા નથી :

*'સ્હેજેય દૂર અણુમાત્ર નથી પ્રભુ, તું,*
*નિત્યે મુકામ નિજ પાસ કરે પ્રભુ, તું,*
*જો ગ્રંથિ તોડી જ જુએ, ઉર પાસ છે તું,*
*એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.'*

માણસ ઈંદ્રિયગત ગ્રંથિઓ વડે બંધાયેલો છે. એના આત્માની આસપાસ આ ઈંદ્રિયોએ જડતાના લોખંડનો કાટ ચઢાવ્યો છે. આ ગ્રંથિઓ તોડી આ લોખંડનો કાટ ઓગાળી, એને શુદ્ધ કરીને, પછી જ જો પ્રભુચરણના પારસમણિનો સ્પર્શ થાય તો માણસ નિર્ગ્રન્થ થઈને સુવર્ણનો બની જાય. પ્રભુની પરમતાનો પ્રસાદ પામે. આ પારસમણિનો પ્રસાદ કોને મળે ?

૮

*'કો પ્રેમ જો હૃદયમાં પ્રગટાવી ઊંડો,*
*ભાવે અનન્ય, પદ જે જળ સીંચશે, તો,*
*તેને દઈશ ચરણે સ્થળ બેસવા તું,*
*એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.'*

મોટા, મુખ્યત્વે ભક્ત છે. ભગત એમની અટકની ઓળખાણ હતી. એ અટક ઓળંગીને ભક્તિના રસાયણ વડે એઓ કૃતાર્થ થયા છે. આ ભક્તિના આર્જવ વડે ગદ્‌ગદ થઈ, છેક આજથી બેતાળીસ તેતાળીસ વર્ષ પહેલાં એમણે આ તુલસીમાળાના એકસો આઠ મણકા રચ્યા છે.

આ માળા ફેરવતાં ફેરવતાં માણસ-સાધક પોતાના હૃદયવૃંદાવનમાં વાસ કરવાનો આનંદ મેળવે છે.

તા. ૨૫-૮-૧૯૬૬ **કિશનસિંહ ચાવડા**

॥ હરિઃૐ ॥

# અંજલિ

ઓળંગશે ગિરિ કૃપા થકી પંગુ તારી,
ને મૂક વાત કરશેય કૃપાથી તારી,
તારી કૃપાથી તૃણ મેરુ થશે, પ્રભુ તે,
માગું કૃપા, અવર આશ કંઈ નહિ છે.

* * *

જિંદગી આપવામાં શી જેણે માની કૃતાર્થતા !
અંજલિ આ ધરું પ્રેમે તેવા આચાર્ય-પાદમાં.

## ૧૦

## ॥ હરિઃૐ ॥

# અર્પણ

(વસંતતિલકા છંદ)

જે પ્રેમીએ સરળતા મુજને શી દીધી !
ને ઘેલછા મુજ અનેક સહી જ લીધી,
ચિત્તે લીધું નહિ કશું મુજ આડુંતેડું,
હું તેમના થકી થયો કંઈ આજ જે છું.

જેણે મને જીવનમાં શીખવ્યો જ પ્રેમ,
તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ ?
શું પ્રેમનો વળી શકે બદલો કશાથી ?
તે પ્રેમ તો જીવનની મુજ આદ્ય શક્તિ.

તે પ્રેમમાં જીવન પ્રેમથી સર્વ ભાવો,
—તે એક એક જીવને મુજથી કળાજો,
જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,
તે હો પૂરા જીવનના જ રૂપાંતરે તો.

## ૧૧

લક્ષે ધરી હૃદયથી મુજ પ્રેમીને તે,
જો હું ધરી શકીશ જીવન પ્રેમભાવે,
ને પ્રેમ તે જીવનથી જીવને કૃતાર્થ
—પૂરો થતાં, જીવનનો મુજ પ્રેમ ધન્ય.

ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે,
તેને ધરું ઉમળકે ચરણારવિંદે,
તે પુષ્પ, વાસ સહુ, ભેટ સ્વીકારી લેજે.

કોટી પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.

❋

॥ હરિઃૐ ॥

# તુજ ચરણે

(વસંતતિલકા છંદ)

જેને હિમાલય સ્તવે ધરી શ્વેત વસ્ત્રો,
વ્યોમે વધીય મળવા ઘણું ઉર ચ્હાતો,
જેને નદી કર વડે નિત અંજલિ દે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે. ૧

જેને ઢૂંઢે વિરહિણી અભિસારિકા જે,
ઉત્સુક ઉર બનીને નદી દોડતી, ને-
જે સાથ એક બનવા અધીરી વહે છે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે. ૨

જ્યાં ત્યાં વનસ્પતિ ધરી જ્યમ રૂપ લક્ષ્મી,
પ્હેરી નીલાંબર કૂંળાં નવ પલ્લવેથી,
જેને પ્રસન્ન કરવા ઉરથી ચહે છે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે. ૩

જેના સ્મિતે ફૂલ ખીલી પદ વાસ અર્પે,
જેના ગુણો સ્વર મીઠે ખગ ગુંજતાં, ને-
દે વ્યોમ ભાન કંઈ જેની વિશાળતાનું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪

સંધ્યા હંમેશ પીંછી દિવ્ય વડે અનેરું-
આલેખવા બહુ મથે તુજ ચિત્ર ઘેરું,
સોળે કળા ખરચતાંય કળાય ના તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૫

વિચારથી વિનયથી રહીને વિવેકે,
આકુળવ્યાકુળ બને વીતરાગી થૈને,
જેને હૃદે નીરખવા દુઃખને વરે છે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે. ૬

સંબંધી ને સ્વજનનો સહુ સ્નેહ છોડી,
ને ખાખ ચોળી ભટકે નવ રાખી કોડી,
જેમાં જવા મળી બધું જગ તે ભૂલે છે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે. ૭

આશા તજી દઈ બધી ઉરથી ભજે, ને
સ્નેહે ઊંડા બહુ જ અંતર લગ્ન રે' જે,
તેને જરૂર પડતાં પ્રભુ, તું બચાવે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે. ૮

લોભાઈ રત્નધનથી જીવ જોખમે જે,
રત્નાકરે મરજીવા થઈને પડે છે,
તેને ઉગારી, પ્રભુ, ન્યાલ બનાવતો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯

માયાથી મોહ અળગો કરી કો સ્તવે છે,
જેને ઊંડા હૃદયભાવથી ચિંતવે છે,
સત્પુરુષોનું ધન તે જગ એકલું તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૦

પાપી છતાં મલિન ઉર અનન્ય ભાવે,
તારું કરે સ્તવન જો, પ્રભુ, નિત્ય તેને
સાધુ બનાવી ઉર દુર્ગુણ કૈં ન રાખે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૧

છો પાપયોનિ અધમાધમ હોય, પ્રેમે-
શ્રદ્ધાથી જો પણ તને ઉર સેવશે, તે-
પામે પરાગતિ નકી શ્રુતિવાક્ય તારું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૨

જ્ઞાનેન્દ્રિયો મન સહિત પદે જ રાખી,
કર્મેન્દ્રિયોથી વ્રતજીવન આચર્યેથી,
તું હેમખેમ સઘળું ચલવે જ તેનું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૩

થૈ તત્ત્વ-વિત્ત સ્મરશે ઉર ભક્તિ જ્ઞાને,
તુંમાં ધરી હૃદય આદર પ્રેમ, તેને
સાયુજ્યમુક્તિ કરુણાનિધિ, આપશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૪

જે કર્મ અર્પણ કરે નિત એક ચિત્તે,
ને ભક્તિયોગ કરશે મન બુદ્ધિથી જે,
તેનાં જરૂર ભવબંધન ટાળશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૫

કર્મો કર્યે અવતરે, પણ કર્મને જે-
આસક્તિ છોડી કરશે, પદમાં સમર્પે-
તેનાં, પ્રભુ, મરણજન્મ ફિટાડશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૬

જે ચિંતવી સતત બુદ્ધિ થકી તને, ને
તુંમાં પરાયણ રહી મન રોકતો જે,
તેને અનન્ય રસમાં ડૂબવે પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૭

સંકલ્પ ને મનતણા સહુયે વિકલ્પો,
આરોપશે હર દમે તુજ પાદ જેઓ,
એકાકી દાસ નિજના કરી માનશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૮

પ્રેમે અપાર ઉરને મન, ચિત્ત, જેણે-
છે સોંપિયાં તુજ પદે કરી લગ્ન તેને-
સંસારસાગર થકી પ્રભુ, તારશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૯

ઇંદ્રિય સૌ વશ કરી જ, સમાન દેખે,
જે બુદ્ધિથી ચીજ બધી, સમદૃષ્ટિ રાખે,
તેને પ્રભુ, કરવતો તુજ પ્રાપ્તિ સ્હેજે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૦

ધર્મો સમર્પણ બધા ચરણે કરી, જે-
કર્મે, મને, વચનથી શરણે રહે છે,
નિર્ભીત, પાપ થકી મુક્ત કરે તું તેને,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૧

કો પ્રેમ જો હૃદયમાં પ્રગટાવી ઊંડો,
ભાવે અનન્ય, પદ જે જળ સીંચશે, તો,
તેને દઈશ ચરણે સ્થળ બેસવા તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૨

જે પાણી, પુષ્પ, ફળ, પત્ર પદે સમર્પે,
સ્નેહે ઊંડા હૃદયના, તું સ્વીકારી લેજે,
તેવો ન શ્રી-કર થકીય તું તૃપ્ત થાયે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૩

તારો નશો કરી રહે ઉર મસ્ત યોગી,
તું છે પ્રભુ, સુખદ, કેવળ જ્ઞાનમૂર્તિ,
છે સાક્ષીભૂત, શુચિ, સર્વધી હે પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૪

સર્વસ્વ ભક્તજનનું, પ્રભુ, પ્રાણ છે તું,
સંતોષ યોગીજનનો, રસઊર્મિ છે તું,
રાગી-વિરાગીજનનું સુખધામ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૫

યોગેશ્વરો, મુનિ, નરેન્દ્ર, અનેક સિદ્ધ,
જોગી, તપસ્વીજન, જેહ અનેક ભક્ત,
પામે વિરામ લય આખર જે મહીં સૌ,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૬

યોગીજનો મન રહે જ્યમ ધ્યાનમાં તું,
ભક્તો હૃદે ત્યમ વસે, વળી સંતમાં તું,
ને તેમના જીવનનો પ્રભુ, શ્વાસ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૭

આનંદ આત્મરૂપથી સ્થિતપ્રજ્ઞ માણે,
જેમાં વસી, પદ ધરી સ્થિર વૃત્તિ તેને,
ત્યારે તદાત્મરૂપ એક ભળાય છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૮

વ્યાપી રહ્યો ઘટઘટે પ્રભુ, સર્વમાં તું,
ગોતે મહાવિરલ યોગી પુરુષ જે તું,
કેમે ન કોઈતણીયે નજરે પડે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨૯

ભક્તો વળી પરમ સંત ઉપાસતા જે,
સેવે નિરંતર કરી ઉર યત્ન જેને,
તેઓ ન તત્ત્વ શકતા પણ વર્ણવી જે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૦

જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,
તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૧

સૌ પ્રાણીને હૃદય સ્વામી વિરાજતા જે,
સૃષ્ટિ બધી ચલવતા ત્રણ કર્મથી તે,
ઉત્પત્તિ ને લયતણું પ્રભુ, સ્થાન છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૨

હૈયે સમાન જીવમાત્ર જ સર્વ જેને,
ના રાગદ્વેષ કંઈ અંતરમાં વસે છે,
વ્હાલા ગણે પણ સ્વભાવથી ભક્તને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૩

સિદ્ધો સમર્થ વળી ભક્તનું રૂપ છે તું,
તેઓતણા જ મહિમાથી પ્રકાશતો તું,
મુક્તિપ્રદા પ્રભુ, પરાત્પર બ્રહ્મ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૪

વ્યાપી રહ્યો સકળમાં નિજ આત્મરૂપે,
છે વિશ્વમાંહી સચરાચર નાથ તું, ને
બ્રહ્માદિ દેવ, ત્રણ લોકતણો પતિ તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૫

જે બ્હાર છે, પણ મહીંય ભર્યો પડ્યો છે,
તે તું જ શુદ્ધ સ્વરૂપે સહુમાં ઠર્યો છે,
તું છે અખંડિત, અબાધ, સ્વયંભૂ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૬

ના આદિ, મધ્ય, નહિ અંત જણાય જેનો,
પામી શકાય નહિ પાર કદીય જેનો,
ખેલી રહ્યો અણુ અણુમહીં વિશ્વમાં તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૭

જેને ન જન્મ, ન જરા, વળી છે ન નાશ,
હંમેશ પૂર્ણ, પ્રભુ, નિત્ય સ્વયંપ્રકાશ,
છે નિર્વિકલ્પ પણ સંકલના કરે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૮

છે વિદ્યમાન પ્રભુ, વ્યાપક છે બધે તું,
કોઈ પ્રભુ, તુજ વિના નહિ ઠામ ઠાલું,
આનંદ તું, પરમ પ્રેમ, દયા પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩૯

હોવાપણું કદીય હોય જ કોઈને જો,
એવો નથી તુજ વિના કહીં કોઈ બીજો,
છે યોગ્ય એક જગ ચિંતવવા પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૦

સૃષ્ટિની આદ્ય, પ્રભુ મધ્ય જ, અંતમાં તું,
સર્વે વિભૂતિતણું તત્ત્વ છૂપું પ્રભુ, તું,
સૂર્યો અનેકતણું તેજ પવિત્ર છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૧

સાત્ત્વિકમાંહી પ્રભુ, સાત્ત્વિક તત્ત્વ છે તું,
મેધા, સ્મૃતિ, ધૃતિ, ક્ષમા, સહુ નારીમાં તું,
ૐકાર, અક્ષરમહીં વળી છે પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૨

છે કામધેનુ, જગનું મૂળ જ્ઞાન છે તું,
ને શ્રેષ્ઠ યજ્ઞમહીં સૌ જપયજ્ઞ છે તું,
ને કાળના શિર પરે પણ કાળ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૩

અધ્યાત્મ તત્ત્વ તુજમાં, પ્રભુ, સર્વ વિદ્યા,
છે બીજ તું જ સચરાચર વિશ્વનું આ,
કાળે ન જે ક્ષય થતું, પ્રભુ, તત્ત્વ તે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૪

જ્ઞાનીનું જ્ઞાન, પ્રભુ, ભક્તનું લક્ષ છે તું,
સાક્ષાત્ યોગ, જન યોગીતણો પ્રભુ, તું,
સૌ ગુપ્ત વેદ્યમહીં, ગુપ્ત ઘણો પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૫

સાક્ષાત્ છે  સ્વરૂપ વેદતણું પ્રભુ, તું,
તું વૃક્ષબીજ, બીજમાં વળી વૃક્ષ છે તું,
જ્ઞાતાય, જ્ઞાન, વળી જ્ઞેય બધું પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૬

તું જે તપેય, વરસે સહુ જે, પ્રભુ, તું,
ને કાર્ય-કારણતણો મૂળ હેતુ છે તું,
તું ચેતને, જડ, મૃતે, પ્રભુ, અમૃતે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૭

છે ધ્યાન, દાન, જપ, તું, વ્રત આદિ છે તું,
તું જ્ઞાન, કર્મ, પ્રભુ, ભક્તિસ્વરૂપ છે તું,
ધર્મો બધાતણું ખરું મૂળ તત્ત્વ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૮

યોગીતણોય પુરુષાર્થ સમર્થ છે તું,
ને બુદ્ધિશાળી જનની પ્રભુ, બુદ્ધિ છે તું,
તું મૂળ સત્ય, પરબ્રહ્મ પવિત્ર છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪૯

આકાશ, અગ્નિ, જળ, વા, પ્રભુ, પૃથ્વીછે તું,
છે શબ્દ, સ્પર્શ, રૂપ ને રસ, ગંધ છે તું,
બ્રહ્માંડ ચૌદતણું ચેતન છે બધું તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૫૦

ઉદ્યોગીની જરૂર ખંત, ઉમંગ, તું હા,
દ્રષ્ટા પ્રભુ, સકળનો વળી છે વિધાતા,
સત્ત્વીનું સત્ત્વ, સત્‌કર્મ બધાં પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૫૧

તું વીર્ય, ઓજસ, બધુંય પરાક્રમીનું.
ને યુદ્ધમાં વિજય છે જીતનારનો તું,
સૌંદર્યમાં સહુથી સુંદર એક છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૫૨

ગોપાલ છે જગત ધર્મ બધાતણો તું,
સૌ વિશ્વમાંહ્ય પ્રભુ, અક્ષરધામ છે તું,
તું આદ્ય દેવ જ પુરુષ પુરાણ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૫૩

તું સંત ભક્તજનનો પ્રભુ, છે વિસામો,
કો ના કળે, વળી અગોચર છે પ્રભુ, તું,
છે સાર, તત્ત્વ, જગનાં સહુ શાસ્ત્રનો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૫૪

જે પ્રેરણાત્મક બધી જગશક્તિ, તે તું,
આનંદપૂર્ણ, શુચિ આત્મસ્વરૂપ છે તું,
બ્રહ્માંડમાંહ્ય પુરુષોત્તમ એકલો તું,
એવા પ્રભુ, હ્રદયથી તુજને નમું હું. ૫૫

કોથી પમાય ન પૂરું, પ્રભુ, તત્ત્વ તે તું,
દેવાધિદેવ, સહુ દેવતણો પ્રભુ, તું,
ગોવિંદ છે જળનિધિ કરુણાતણો તું,
એવા પ્રભુ, હ્રદયથી તુજને નમું હું. ૫૬

વિશ્વે વનસ્પતિતણો રસ, પ્રાણ છે તું,
તું છે રસેન્દુ, રસમાં રસરૂપ છે તું,
છે સર્વમાં, તુજમહીં જ બધું સમાણું,
એવા પ્રભુ, હ્રદયથી તુજને નમું હું. ૫૭

બ્રહ્માદિ પ્રાણીતણી પ્રકૃતિમાંહી જે, તે-
કલ્પે સમાય તુજમાં, થઈ બીજરૂપે,
સર્જે પછી સકળ વિશ્વ પ્રભુ, તું પાછું,
એવા પ્રભુ, હ્રદયથી તુજને નમું હું. ૫૮

તું નિત્ય, અવ્યય, સનાતનરૂપ છે તું,
છે તું જ શાશ્વત પ્રભુ, અવિનાશી છે તું,
ને છે વળી અમર તું અજ હે પ્રભુ, તું,
એવા પ્રભુ, હ્રદયથી તુજને નમું હું. ૫૯

અવ્યક્ત, અક્ષર ગતિ પરમા, પ્રભુ, તું,
જેને જ પામી નથી કૈં ફરવાનું પાછું,
ઉત્કૃષ્ટ સૌથી તુજ ધામ પ્રભુજી, એવું,
એવા પ્રભુ, હ્રદયથી તુજને નમું હું. ૬૦

તેજસ્વીનું પ્રખર તેજ ખરે પ્રભુ, તું,
સર્વે મહાન જનનું પુરુષત્વ છે તું,
નિર્દોષ, નિર્મળ, નિરંજન છે પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૧

આકાર ના, નહિ વિકાર, તું નિર્ગુણી છે,
ને બુદ્ધિ, તર્ક, મન, વાચની પાર તું છે,
આનંદ ચિત્ સતતણું મૂળ ધામ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૨

અગ્નિ, વિરંચિ, વરુણેન્દ્ર, અનેક દેવો,
બ્રહ્માંડ ચૌદ, શશી, સૂરજ, વિશ્વ, વા, સૌ,
આધાર તે સકળનો મૂળભૂત છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૩

સ્ત્રી જેમ જે પતિ થકી જગ ઉપજાવે
સંતાન સૌ, ત્યમ બધું જગ ઉદ્‌ભવાવે,
માયાથી આ અચળ ને ચળ જે, પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૪

લોહી દરેક નસ સૂક્ષ્મમહીં વહે છે,
જેવી રીતે તરુમહીં રસ એક વહે છે,
તત્ત્વે જ તેમ સઘળું જગ આ છવાયું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૫

જેવી રીતે તલમહીં રહ્યું તેલ છૂપું,
જેવું રહ્યું દૂધમહીં ઘૃત છે અજાણ્યું,
છે તેમ આ જગતમાંહી છૂપો પડ્યો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૬

સ્હેજેય દૂર અણુમાત્ર નથી પ્રભુ, તું,
નિત્યે મુકામ નિજ પાસ કરે પ્રભુ, તું,
જો ગ્રંથિ તોડી જ જુએ, ઉર પાસ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૭

સત્તા જ એક જગ છે તુજ સાર્વભૌમ,
તું છે અનેકરૂપ, ના તુજ ક્યાંય સામ્ય,
તું એક છે, પણ છતાં બહુનામી છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૮

એક્કેય કૈં ગુણ નથી તુજમાં છતાંયે,
ભંડાર સર્વ ગુણનો પ્રભુ, તું ભર્યો છે,
તારો ન રંગ કંઈ છે, બહુરંગી છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૬૯

માયામહીં રમણ નિત્ય કર્યા કરે છે,
નિર્લેપ તું ત્યમ છતાંય રહી શકે છે,
રે' શૂન્યમાં, પણ વિકારી થતો પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૦

કાર્યો કરે તું સઘળાં, રહીને અકર્તા,
તું લે હરી બધું, સદા રહીને અહર્તા,
ના છે શરીર પણ રૂપ ધરી શકે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૧

છો દૂરનો દૂર રહ્યો પણ છે જ ભેગો,
પાસે નજીકમહીં છેક નજીક છે તું,
કલ્પાય ના દૂર વસે પ્રભુ, તેટલો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૨

સૌનોય તું, પ્રભુ, ન કોઈતણો વળી તું,
કોનો ન સંગ તુજને, પણ સંગી છે તું,
છે ભાવનામય જ ભાવ અતીત છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૩

ના ઓળખાય કદી જે મન ઇંદ્રિયોથી,
જેને ન ધોધ જળનો શકતો ડુબાવી,
શોષાય વાયુ થકી ના જરી જે કદાપિ,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૪

અગ્નિ પ્રચંડ નહિ બાળી શકે જ જેને,
કે છેદી ભેદી શકશે નહિ શસ્ત્ર જેને,
દ્વંદ્વોની પાર ગુણથી પર છે પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૫

દુષ્ટોતણો જગતમાં યમદંડ છે તું,
હાર્યાતણો મદદગાર પ્રભુ, નકી તું,
ભાવે જતાં શરણ લે કરને ગ્રહી તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૬

વિશ્વે કૃતિ જીવની સર્વ નિહાળતો તું,
પાપી-અપાપીજનનો શુભચિંતકે તું,
ધર્મોતણો જગ પ્રવર્તક એકલો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૭

જો કોઈ હોય હરનાર દુ:ખો, પ્રભુ, તું,
ને ટાળનાર ભયનો ભગવાન, છે તું,
તું જે દયાળુ, પરમેશ્વર એક છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૮

આધાર ના જગત કોઈતણો જ જેને,
આધાર તું જરૂર છે પ્રભુ, સર્વ તેને,
છે સૂત્રધાર સચરાચર વિશ્વનો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૭૯

તું વિશ્વને નચવતો, વળી આપ નાચે,
જાણે મદારી નચવે નિજ માંકડાને,
ના ખેલ કો સમજતા તુજ, કો કથે શું ?
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૦

આ વિશ્વમાં પતિત તારણહાર છે તું,
ઉદ્ધારનાર જગ એક જ તેમનો તું,
ને રાંકનો જગતમાં પ્રભુ, સાથી છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૧

ખોલે જરા પ્રણય ઘૂંઘટ તાહરો તું,
ડોલે ડૂબી રસમહીં જન યોગીઓ સૌ,
અર્પ્યે કદી જીવન લાખ મુલાય ના તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૨

જેના પ્રભાવ થકી સૂરજ ચંદ્ર દીપે,
જેના પ્રતાપથી ખીલે નભતારલા, ને
જુઓ ! સમુદ્ર ગજવે ઊંડું ગાન જેનું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૩

જે તેજની કહીંય કો ઉપમા મળે ના,
જે પ્રેમની કહીંય કોઈ સીમા મળે ના,
જે શક્તિની સરખું કો બળ ક્યાંય છે ના,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૪

ઇચ્છાથી માત્ર પ્રગટ્યાં સહુ વિશ્વ જે જે,
ઇચ્છાથી જેની સઘળાં નભી તે રહ્યાં છે,
ઇચ્છાથી જેની પળમાં સહુ નાશ થાશે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૫

સત્તાથી જેની દરિયો મરજાદ મૂકી,
કેમે કર્યેય છલકાય નહિ કદીયે,
ચાલે નિયંત્રિત બધું ગતિથી જ જેની,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૬

સત્તાથી જેની ગતિ કાળ કરે, જુઓને,
સત્તાથી જેની અવકાશથી વિશ્વ જન્મે,
સત્તાથી વિશ્વમહીં ચેતન વ્યાપ્ત તારું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૭

સત્તાથી જેની સહુ ભર્ગ સતેજ થાયે,
સત્તાથી જેની વરસાદ પડે ધરાએ,
પૃથ્વી ધરે વજન આ વળી માની જેનું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૮

ભ્રૂભંગથી તુજ થશે જગ ભસ્મ આ સૌ,
ને તાપ સૌ ત્રિવિધના ટળશે, રીઝ્યે તું,
તારી વિચિત્ર ગતિને નવ કોઈ પામ્યું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૮૯

જેને વરુણ, શિવ, બ્રહ્મ નમે મરુતો,
ઇંદ્રાદિ દેવ સ્તવતા ભણી દિવ્ય સ્તોત્રો,
જેના ચૂમે પદ પવિત્ર અનેક દેવો,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૦

જેને જપે હૃદયમાં સ્મરીને ઊંડું કો,
જેને ભજે તપ-વ્રતો કરીને જનો સૌ,
રિઝાવવા જન મથે કરી યજ્ઞયાગો,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૧

તું માત, તાત, મમ ભ્રાત અને સખા તું,
વિદ્યા, વિલાસ, ધન, કીર્તિ, પ્રભા બધું તું,
સાચું શરણ્ય જનનું, હૃદ સર્વનું તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૨

પાથેય છે પરમ પંથ જતાં પ્રભુ, તું,
સંસાર આ તરી જવા દૃઢ નાવ છે તું,
સંહારવા અરિબળો પ્રભુ, શસ્ત્ર છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૩

જે જે અશક્ય થતું શક્ય, કૃપાથી જેની,
ઓળંગશે ગિરિ કૃપા થકી પંગુ જેની,
ને મૂક વાત કરશેય, કૃપાથી જેની,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૪

તેજે અપાર બળ શક્તિ સમર્થ સોહે,
અદ્ભુત કર્મ તુજ વર્ણવી કો શકે શેં ?
આણે જ ક્યાંથી ઉપમા સરખાવવાને ?
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૫

કૈં કૈં કવિ કવી ગયા તુજને કવીને,
થાક્યા ઋષિ મરી મથ્યા તુજને કળીને,
મૌની રહ્યા પણ ન માપી શક્યા તને તે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૬

જ્યાં 'નેતિ નેતિ' કહી વેદ બધા વિરામે,
જેના ગુણો વળી સરસ્વતી ગાઈ થાકે,
'કેવો હઈશ પ્રભુ, તું ?' નવ કોઈ કે'તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૭

કોઈ ત્રિલોકમહીં તું સમ અન્ય નો'તું,
થાશે ન અન્ય, વળી છે નહિ કો સમું તું,
મોટું બીજું તુજથી ક્યાં ? વળી કોણ એવું ?
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૮

સત્તાય, જોબન અને ધન સૌ નકામું,
સાચી જ લ્હેર જગ એકલી બ્રહ્મની તું,
શાસ્ત્રો કહે રસરૂપે પરબ્રહ્મ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૯૯

વર્ણ્યો તને અગમનિગમ પાર તું તો,
ભંડાર જે તુજ છૂપો ન લૂંટાય લૂંટ્યો,
લૂંટાય તું યુગયુગેથી છતાં ન ખૂટે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૦૦

ભાળે થતા હરિજનો દુઃખી દુષ્ટથી તું,
ને ધર્મગ્લાનિ થતી જ્યાં નીરખે બધે તું,
ઉદ્ધારવા અવતરે જગ તેમને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૧૦૧

કર્મે, મને, શરીર, વાચ, પગેથી, હાથે,
ને આંખ, કાનથી ગુના બહુ મેં કર્યા છે,
દેજે વિસારી, શરણાગત જાણી તે તું,
આ એકલી અરજ દીન તને કરું હું. ૧૦૨

છો પુત્ર દુષ્ટ, પણ લે નિજ માત અંકે,
ને શિષ્યનું જતું કરે ગુરુ જેમ પ્રેમે,
સૌ વાંક માફ કરીને, ત્યમ જો મને તું,
આ એકલી અરજ દીન તને કરું હું. ૧૦૩

જો દોષ દેખી કદી ઓસરશે પ્રભુ, તું,
તો કોણ મુક્ત કરશે પતિતો, વિના તું ?
સ્‌હાજે ખરે અવસરે કર રાંકનો તું,
આ એકલી અરજ દીન તને કરું હું. ૧૦૪

સંબંધી ને સ્વજન, દી વસમો જ આવ્યે,
રે'શે બધાંય અળગાં પ્રભુ, હુંથી જ્યારે,
ત્યારે ભૂલી નવ જતાં મુજ ભાળ લેજે,
આ એકલી અરજ દીન તને કરું હું. ૧૦૫

લૂંટંલૂંટા જ્યહીં જ ભક્તિ રસે પડે છે,
તું સંગી સંગત મને પ્રભુ, તેવી દેજે,
રે' પાદપદ્મ મન નિશ્ચળ એ જ માગું,
ઉદ્દેશ્ય 'તું' ઉર ધરી શરણે ઢળ્યો છું. ૧૦૬

માથે સમર્થ ધણી છે પ્રભુ, એમ જાણી,
નિશ્ચિંત હું રહું પડ્યો પ્રભુ, સોડ તાણી,
જાણું ન કૈં કરવી શેં તુજ પ્રાર્થના હું,
ગાંડાની જેમ બકવાટ કર્યા કરું હું. ૧૦૭

આધાર આશ્રય જગે પ્રભુ, રાંકનો તું,
એવાતણાં ચરણ છોડી જ જાઉં ક્યાં હું ?
સાહ્યા પ્રભુ, ચરણ તે કદી હું ન છોડું,
થાવું કૃપા થકી ભીનું, જ્યમ મેહ રોડું. ૧૦૮

પાડ્યા કરીશ પ્રભુ, બૂમ તને હું નિત્યે,
ના આપશે જ્યહીં સુધી પ્રભુ, માગું હું જે,
કંટાળતો પ્રભુ, રખે કંઈ તેથી, જોજે,
છોરું ગણી તુજ, મને પ્રભુ, અંક લેજે. ૧૦૯

પાસે ન કૈં ધન છતાં શિશુકાળથી જ્યાં,
સેવ્યાં હતાં જીવન સ્વપ્ન ઊંડાં જવા ત્યાં,
જેણે મને સરળતા કરી આપી કેવી !
આ પ્રાર્થના પ્રભુ નિમિત્ત બની મને શી ! ૧૧૦

યાત્રા હિમાલયતણી મુજને કરાવી,
દીધો ઉકેલ દુઃખનો મુજને બતાવી,
ને ગૂઢ શું જીવનહાર્દ મને જણાવ્યું,
એવું નિમિત્ત પ્રભુદત્ત સ્તવી હું થાકું. ૧૧૧

॥ હરિઃૐ ॥

અમે પણ એક જ ઈશ્વરમાં અને એક જ પરમતત્ત્વમાં માનીએ છીએ.' ત્યારે પેલા પાદરીભાઈ કહે, 'મારા જોવામાં એવું કંઈ આવ્યું નથી.' એટલે તે જ દિનની રાતે સળંગ જાગતો બેસીને મેં 'તુજ ચરણે' લખી નાખ્યું અને બીજે દિવસે પાદરીભાઈને તે કાવ્ય બતાવ્યું. તેના લેખક કોણ છે, તે બતાવ્યું નહિ. તે ગુજરાતી જાણે એટલે તેમના કહેવાથી મેં આખું કાવ્ય વાંચી સંભળાવ્યું. તે સાંભળીને તે રાજી થયા. આમ, આમાં સાકાર અને નિરાકાર બંને રીતના પ્રભુનો, તેની ભક્તિનો ઉલ્લેખ છે અને વિશેષમાં આ કાવ્યના વેચાણમાંથી જે પૈસા મળ્યા, તેમાંથી મેં હિમાલયનો પહેલો પ્રવાસ ખેડ્યો.

- શ્રીમોટા

'શ્રીમોટા સાથે વાર્તાલાપ',સાતમી આવૃત્તિ, પૃ. ૯૩-૯૪



હરિ: ૐ

પ્રભુના નામમાં લીન
[illegible]
[illegible] નામ-સ્મરણમાં
[illegible]
પ્રભુના [illegible]
[illegible]
સંસારના [illegible]
પ્રભુ-[illegible]
[illegible]

૧૮/૩/૭૩

મોટા